# ડીસા નગરપાલિકાના ચીફ ઓફિસર અને સેનીટેશન કલાર્કને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા સી.આર.પી.સી. કલમ-૧૩૩ હેઠળ નોટીસ ફટકારી

## ડીસાના બંધ એરપોર્ટમાં શહેરભરનો કચરો ઠાલવતાં થયેલ ફરિયાદ મામલે કાર્યવાહી

ડીસા, તા. ૧૯

ડીસા નગરપાલિકા દ્વારા કરોડોના ખર્ચે જૂના ડીસા નજીક તૈયાર કરાયેલા ઘનકચરા નિકાલનો પ્લાન્ટ વર્ષોથી ધૂળ ખાય છે તેની જગ્યાએ ડીસા નગરપાલિકાનો સેનીટેશન વિભાગ દ્વારા શહેરના બારેય વોર્ડોનો તમામ પ્રકારનો એકઠો કરાયેલો કચરો વાહનો દ્વારા ડીસાના એરપોર્ટમાં ઠલવાતાં એરપોર્ટ વિસ્તાર રોગિષ્ટ કચરાનું જંગલ બન્યું હતું. જેનાથી આજુબાજુની અનેક સોસાયટીમાં ઝેરી જીવજંતુઓનો ફેલાવો થતો રોગ ચાળાનો ભય ઉભો થયો હતો. જેથી જાહેર હિતાર્થે આ વિસ્તારના સ્થાનિક રહીશે આધાર પૂરાવા સાથે ડીસાના સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ બી. કે. પટેલ સમક્ષ આ જાહેર દૂષણ બંધ કરાવવા ફરીયાદ કરી હતી. જે ફરિયાદ આધારે ડીસાના એસ.ડી.એમે. તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી સામાવાળા પાલિકાના ચીફ ઓફિસર અને સેનીટેશન કલાર્કને નોટીસ ફટકારી આગામી ૨૩મી મે ૨૦૧૩ના રોજ તેમને કોર્ટમાં હાજર રહેવાનું ફરમાન કરતાં પાલિકા તંત્રમાં દોડધામ મચી જવા પામેલ છે.

આ ચકચારી ઘટનાની પ્રાપ્ત વિગતો જોતાં બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં હાઈવે વિસ્તારમાં એરપોર્ટ આવેલ છે. જે હાલ બંધ હાલતમાં છે. આ બંધ એરપોર્ટની આજુબાજુમાં રહેણાંક વિસ્તાર એવી રેજીમેન્ટ, તિરૂપતિ, પુષ્પાંજલી, વિજયપાર્ક, મેહુલપાર્ક, અમી સોસાયટી, બજરંગનગર, ખોડિયાર પાર્ક સહિતની અનેકો સોસાયટીઓ આવેલ છે. જેમાં છેલ્લા અનેકો માસથી ડીસા નગરપાલિકાના સેનીટેશન વિભાગ દ્વારા શહેરભરનો રોજે રોજનો ઘનકચરો પાલિકાની માલિકીના વાહનો રીક્ષા, ટ્રેક્ટર અને અન્ય સાધનો દ્વારા ઠલવાઈ રહ્યો હતો. પાલિકા અહીં કચરો ઠાલવતા અન્યો પણ આ સ્થળ જાણે કચરો ઠાલવવાનો ઉકરડો હોય તે રીતે મેડીકલ વેસ્ટ, મૃતઃ પશુઓ અહીં ઠાલવતાં આ સમગ્ર વિસ્તાર જીવલેણ અને રોગીષ્ટ કચરો ઉત્પન્ન કરતી ફેક્ટરી સમાન બન્યો હતો. વળી આ દુર્ગંધયુક્ત કચરાથી પર્યાવરણને પણ ગંભીર હાની પહોંચી હતી અને આજુબાજુના રહીશોમાં દુર્ગંધ ફેલાતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. જોકે શહેરને સ્વચ્છ, સુંદર અને રળિયામણું બનાવવાની અને સ્વચ્છતા રાખવાની જેની ફરજ બને છે તે પાલિકા તંત્ર દ્વારા જ આ જાહેર દૂષણ સમાન પ્રવૃત્તિ ચલાવાતા લોકોની હાલત કફોડી બની હતી. જે બાદ આ વિસ્તારના સ્થાનિક રહીશ ધર્મેશ રામલાલ પરમારે રહે. રેજીમેન્ટ, ડીસાવાળાઓએ ડીસાના સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ બી. કે. પટેલ સમક્ષ આ મામલે દોષીતો વિરુદ્ધ સી. આર. પી. સી. કલમ ૧૩૩ હેઠળ કાર્યવાહી કરવાની ન્યાયીક ફરિયાદ કરી હતી અને ફરિયાદ સાથે આધાર પૂરાવા સમાન પાલિકાનો આ કામમાં ગુનો ઉજાગર કરતાં વિડિયો દસ્તાવેજી પૂરાવા તરીકે રજૂ કર્યા હતા. જાહેરહિતની આ ફરિયાદ વંચાણે લઈ અને થયેલ ગુનાની ગંભીરતા સમજી ડીસા એસ.ડી.એમ. દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરાઈ હતી અને આ ફરીયાદ મામલે સામાવાળા (૧) ચીફ ઓફિસર, ડીસા નગરપાલિકા (૨) વી. એ. પાટલાવાળા સેનીટેશન કલાર્ક, નગરપાલિકા ડીસાવાળાઓને સી.આર.પી.સી.ની કલમ-૧૩૩ અન્વયે એસ.ડી.એમ. બી. કે. પટેલે નોટીસ ફટકારી હતી. નોટીસમાં જણાવાયુંહતું કે 'તમો સામાવાળા સામે સી.આર.પી.સી. કલમ-૧૩૩ હેઠળ કાર્યવાહી કેમ હાથ ન ધરવી તથા તે અંગે ઘટતા હુકમો કેમ ન કરવા તેના કારણો જણાવવા તા. ૨૩-૫-૨૦૧૩ના રોજ બપોરે ૧૨ કલાકે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ડીસાની કોર્ટમાં આધાર પૂરાવા સહ હાજર રહેવું. અન્યથા તમારી સામે આગળની કાયદેસરની કાર્યવાહી કરી ઘટતા હુકમો કરવામાં આવશે જેની નોંધ લેવી.' તેવું જાહેર કરાયું હતું. જ્યારે બીજી તરફ સત્તાવાળા પાલિકા તંત્રના અધિકારીઓને આ નોટીસ ઈસ્યુ કરાતાં પાલિકા તંત્રમાં સન્નાટો છવાયો હતો.

જ્યારે બીજી તરફ નગરપાલિકાનો નિયત ઉભો કરાયેલો ઘન કચરા નિકાલના પ્લાન હાલ જુના ડીસા ખાતે ધૂળ ખાઈ રહ્યો છે. આ પ્લાન કરોડોના ખર્ચે તૈયાર કરાયેલ છે. જે હજુ સુધી ચાલુ કરાયો નથી. જ્યારે બીજી તરફ જુના ડીસા આવવા - જવાના ૧૪ કિ.મી.ની જગ્યાએ એરપોર્ટ માત્ર ૧ કિ.મી. જેટલું દૂર હોઈ પાલિકાના સેનીટેશન વિભાગ દ્વારા બેદરકારીએ આશરે છેલ્લા એક વર્ષથી અહી શહેરભરનો કચરો ઠલવાતાં આ દૂષણ સમાન પરિસ્થિતિ પેદા થયેલ છે. જોકે આ સમગ્ર મામલો હવે ડીસાના સબડિવિઝનલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં પહોંચતાં પાલિકામાં દોડધામ મચેલ છે.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા નગરપાલિકાના ચીફ ઓફિસર અને સેનીટેશન વિભાગના કલાર્કને જાહેર દૂષણ ફેલાવા મામલે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ડીસાએ નોટીસ ફટકારતાં ચકચાર મચેલ છે. જ્યારે તસવીરમાં દેખાતો ઘનકચરા નિકાલ પ્લાન્ટ કરોડોના ખર્ચે તૈયાર કરાયેલો હોવા છતાં ધૂળ ખાઈ રહ્યો છે જે પાલિકાની નિષ્ક્રિયતાનો બોલતો પૂરાવો છે.

### લોકસભા બેઠક-૧૩ની યોજાઈ રહેલી પેટાચૂંટણી માટે

## ડીસામાં સ્ટેટીંગ સર્વેલન્સ અને ફલાઈગ સ્કોડ સહિતની ટીમો સક્રિય



ડીસા, તા. ૧૯

બનાસકાંઠા જિલ્લામાં યોજાઈ રહેલી લોકસભાની ખાલી પડેલ બેઠકની પેટાચૂંટણીમાં મતદારો મુક્ત અને ન્યાયી રીતે ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લઈ મતદાન કરી શકે તે માટે ડીસાના મદદનીશ ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટરે મોનીટરીંગ માટે વિવિધ ટીમો બનાવી દેખરેખ અને નિર્દેશ તેમજ નિયંત્રણ માટે તેઓને કામગીરી સોંપતાં આ ટીમો દ્વારા ચૂંટણી લગતી કામગીરી હાથ ધરાયેલ છે.

આ પેટાચૂંટણી અંગે મદદનીશ ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર ડીસાની કચેરીથી મળેલી માહિતી જોતાં રાજ્યમાં સંસદ અને વિધાનસભાની યોજાઈ રહેલી પેટાચૂંટણીઓમાં દેખરેખ, નિર્દેશ અને નિયંત્રણ રાખવા સંવિધાનની કલમ-૩૨૪ હેઠળ રાજય ચૂંટણીપંચે આચારસંહિતાના કડક અમલીકરણ માટે દિશા - નિર્દેશ કરેલ છે જેમાં બનાસકાંઠા-૧૩ લોકસભાની બેઠક માટે યોજાઈ રહેલી પેટાચૂંટણીમાં તમામ મતદારો મુક્ત અને ન્યાયી રીતે ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લઈ શકે અને તેમને કોઈપણ પ્રકારની ધાકધમકી, વગ, લાંચથી મતદારોને પ્રભાવિત કરવા જેવી પ્રવૃત્તિઓ અટકાવવા તેમજ રોકડ ભેટ-સોંગાદોની ચીજવસ્તુઓ તથા દારૂ અને વિનામૂલ્યે આહાર વિતરણ કરીને મતદારોને લલચાવવા તેમજ ધાકધમકીથી મતદારોને ડરાવવા અને ચૂંટણી પ્રક્રિયા દરમિયાન નાણાં અને શક્તિનો ઉપયોગ થવાના અહેવાલોના પગલે આ તમામ પ્રવૃત્તિ અટકાવવા ચૂંટણીપંચે અસરકારક પગલાં લીધેલ છે. જેમાં ડીસા વિભાગમાં મદદનીશ ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર બી. કે. પટેલની દેખરેખ હેઠળ સહાયક ખર્ચ નિરીક્ષક, વીડીયો સર્વેલન્સ વીડીયો વ્યુ ઈગટીગ, એકાઉન્ટીગ ટીમ, ફલાઈગ સ્કોડ, સ્ટેટીંગ સર્વેલન્સ સહિતની ટીમો બનાવેલ છે. જેઓએ આદર્શ ચૂંટણી આચારસંહિતાના માટેની કામગીરી હાથ ધરી વિવિધ માર્ગો પર વાહન ચકાસણી સહિતની કામગીરી શરૂ કરેલ છે.

## બનાસકાંઠામાં પેટાચૂંટણી સંદર્ભે કોંગ્રેસ આક્રમક મુડમાં

પાલનપુર, તા. ૧૯

બનાસકાંઠા જિલ્લાના વડા મથક પાલનપુર ખાતે આવેલ જિલ્લા કોંગ્રેસ કાર્યલય ખાતે આવેલા પ્રદેશના અગ્રણીઓ આવી પહોંચ્યા હતા. જેમાં ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા, વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, વિધાનસભા દંડક બળવંતસિંહ રાજપૂત, પાટણના સાંસદ જગદીશ ઠાકોર, એ.આઈ.સી.ના મંત્રી અને ગુજરાતના પ્રભારી મોહન પ્રકાશ ઝા, બ.કાં. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઝાકીરભાઈ ચૌહાણ, પાલનપુર ધારાસભ્ય મહેશ પટેલ સહિત જિલ્લાના આગેવાનો કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પાલનપુર ખાતે આવેલ શંકરસિંહ વાઘેલાએ મીડીયા સમક્ષ રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવેલ કે ગુજરાતમાં સરકાર ભાજપાની છે. આગામી પેટા ચૂંટણીમાં ભાજપા દરેક કાવાદાવા કરશે. ગાંધીના ગુજરાતમાં દારૂબંધી છે. પણ દારૂની રેલમછેલ ઉડશે. મશીનો સાથે ચેડા કરાશે , વહિવટી તંત્રનો દૂર ઉપીયોગ કરાશે, અનેક પ્રકારના કાવા-દાવા કરાશે. પણ મહિલાઓ અમારી સાથે છે. જાગૃત નાગરીકો પણ સાથે છે. પ્રજા હવે ઓળખી ગઈ છે. તેવા અનેક પ્રહારો રાજ્ય સરકાર પર કરેલા હતા. જ્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ પણ મીડીયા સમક્ષ આગવી છટામાં રાજ્ય સરકાર પર પ્રહાર કરતા જણાવેલ કે ભાજપાના સમયમાં શિક્ષણનું વ્યાપારીકરણ થવા પામ્યું છે. કાયદો વ્યવસ્થા કથળવા પામી છે. આકરા ઉનાળાના કપરા સમયે ગુજરાતમાં કેટલાક જિલ્લાઓમાં પીવાના પાણીનો સંકટ ઘેરાયો છે. તે સમસ્યા દૂર કરવાના બદલે સરકારી નાણાનો દૂર ઉપયોગ કરીને તીજોરી ખાલી કરી વહિવટી તંત્રનો દૂર ઉપીયોગ કરીને કૃષિમેળાઓ યોજે છે. પશુ મેળાઓ યોજાય છે. જ્યારે પીવાના પાણીની ગંભીર સમસ્યા વધુ ઉદ્ભવી રહી છે. લોકો હવે જાણી ગયા છે. આમ પાલનપુર આવેલા પ્રદેશના અગ્રણીઓ રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.

### અમદાવાદ મોટેરા પર રમાયેલ અંડર-૧૪માં

## બનાસકાંઠા ડીસ્ટ્રીક ઈલેવનમાં ડીસા પાલનપુરના ખેલાડી ઝળક્યા

પાલનપુર, તા. ૧૯

બનાસકાંઠા ડીસ્ટ્રીક ઈલેવન અને દાદરાનગર હવેલીની ટીમ સામે બે મેચો રમાઈ હતી. આ બન્ને ટીમોમાંથી એક ટીમ બનાવવાની હોઈ સીલેકશન થવાનું હતું. જેમાં બનાસકાંઠાના આઠ અને દાદરાનગર હવેલીના છ ખેલાડીઓનું સીલેક્શન કરાયું હતું. હવે મોટેરા ખાતે ગુજરાતની ટીમો સામે રમવાનું છે. તેમાં ગુજરાત અંડર-૧૪ની ટીમનું સીલેક્શન થશે.

બનાસકાંઠા ડીસ્ટ્રીક ઈલેવનની ટીમના કોચ પ્રકાશ પટણીના અધ્યક્ષસ્થાને અમદાવાદ મોઢેરા ખાતે રમવા ગયેલ હતી. જેમાં હવેલી સામે મેચ યોજાઈ હતી. જેમાં બનાસકાંઠા ડીસ્ટ્રીકે પ્રથમ રમતા ૩૪૦ રનનો સ્કોર બનાવ્યો હતો. જેમાં પાલનપુરના ઝૈદ મન્સુરીએ ૧૨૦ રન મારી પ્રથમ શતક ફટકારી હતી.

જ્યારે દાદરાનગર હવેલીની ટીમ ૧૦૩માં ઓલઆઉટ થવા પામી હતી. જેમાં ડીસાના યશ ઠક્કરે પાંચ વિકેટો ઝડપી હતી અને પ્રથમ મેચ બનાસકાંઠા ડીસ્ટ્રીક વિજેતા બની હતી જ્યારે બીજી મેચમાં બનાસકાંઠા ડીસ્ટ્રીકે ૨૬૦ રન બનાવ્યા હતા. જેમાં ઝૈદ મન્સુરીએ ૧૦૧ રન મારી બીજી શતક ફટકારી હતી. જ્યારે દાદરાનગર હવેલીને ૭૦ રનમાં ઓલઆઉટ કરી બીજો વિજય પ્રાપ્ત કર્યો હતો. જેમાં ડીસાના યશ ઠક્કરે ફરીવાર પાંચ વિકેટ ઝડપીને તરખાટ મચાવ્યો હતો. આમ ઝૈદ મન્સુરીએ બે મેચમાં બે શતક ફટકારી હતી. જ્યારે યશ ઠક્કરે બન્ને મેચોમાં ૧૦ વિકેટ ઝડપીને સીલેક્ટરોનું ધ્યાન ખેંચ્યું હતું. બન્ને ટીમોનું સિલેક્શન કરી ૧૪ની ટીમ બનાવી છે. જે મોટેરા ખાતે અમદાવાદ, ખેડા, ગાંધીનગર, વડોદરાની ટીમો સામે ગુજરાત સીલેક્શન માટે રમશે.

## ડીસા પંથકમાં દેહ દઝાડતી ગરમીથી જનજીવન અસ્તવ્યસ્ત રહીશો પરેશાન

ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં આગ ઓકતી ગરમીનો આતંક શરૂ થતા લોકોની હાલત કફોડી બનવા પામી છે. સવારે ૧૦ વાગ્યાથી મોડી રાત્રીના આઠ વાગ્યા સુધી અસહ્ય ગરમી સાથે બફારાનું પ્રમાણ યથાવત રહેતા લોકો અસહ્ય અકળામણ અનુભવે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ડીસા પંથકમાં અંગારા વરસાવતી ગરમીનો આરંભ થઈ ગયો છે. બપોરના સુમારે તો જાણે ધરતી સળગતી હોય તેમ અસહ્ય ઉકળાટ અને ગરમી વચ્ચે લોકોની હાલત ભારે કફોડી બની જાય છે. ગરમીના આતંક વચ્ચે બપોરે લોકો ઘર કે ઓફિસમાં પુરાઈ સમય વ્યતિત કરી રહ્યા છે. જાહેર માર્ગો પર ટ્રાફિક બંધ થઈ જતા ઘડીવાર માટે સમય થંભી ગયો હોય તેવા દૃશ્ય જોવા મળે છે. ઉના ઉના વાયરા સાથે અંગદઝાડતી ગરમી લોકોના તનબદનમાં ઉકળાટ સર્જી દે છે. જ્યારે ગરમીથી બચવા લોકો ઠંડા પીણા અને ફળોના રસનો ઉપયોગ કરી રહ્યા છે.

## પડલાઈ ગામે રહેણાંક વિસ્તારમાંથી ૨૬ હજારનો વિદેશી દારૂ ઝડપાયો

હિંમતનગર, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના પડલાઈ ગામે પોલીસે દરોડો પાડી વિદેશી દારૂ સાથે એકને ઝડપી પાડી તેના વિરૂદ્ધ વિજયનગર પોલીસમથકે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

વિજયનગર પોલીસમથકના પી.એસ.આઈ. આર.ડી. સગરે સ્ટાફ સાથે શનિવાર સાંજના સમયે પડલાઈ ગામે રહેતા બાતમીના આધારે ધનજીભાઈ ઉર્ફે જીવાજી મંજીભાઈ કાઠવીયાના રહેણાંકના મકાનમાં રેડ કરી હતી.

જ્યાંથી વિદેશી દારૂની ૪૮ બોટલ અને બીયરની ૭૨ બોટલ મળી આવી હતી. પોલીસે કુલ રૂપિયા ૨૬ હજાર ૪૦૦ના મુદ્દામાલ સાથે ધનજીભાઈ ઉર્ફે જીવાજી મંજીભાઈ કાઠવીયાને પકડી પાડ્યા હતા અને તેના વિરૂદ્ધ પોલીસમકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## પ્રાંતિજ ક્ષત્રીય સમાજનો લગ્નોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૯

પ્રાંતિજ તાલુકા ક્ષત્રિય સમાજ આયોજીત ક્ષત્રિય સમાજનો ૧૯મો સમૂહલગ્નોત્સવ તાજેતરમાં પ્રાંતિજ તાલુકાના દલપુર ગામ ખાતે યોજાયો હતો. જેમાં સીત્તેર યુવક યુવતીઓએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા. આ સમૂહ લગ્નોત્સવ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, મંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, જયસિંહ ચૌહાણ, કાળુસિંહ ચૌહાણ, સિદ્ધાર્થ અગ્રવાલ સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને નવદંપતિને આશીર્વચન આપ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓ હાજર રહ્યા હતા.

## પાવઠી ગામે સરકારી જમીનમાં વાવણી બાબતે તકરાર થતાં યુવાનનું માર મારી કુવામાં ધકેલતા ગંભીર

પાલનપુર, તા. ૧૯

પાલનપુર દાતાં રોડ ઉપર આવેલ પાવઠી ગામના યુવક સરકારી જમીનમાં વાવણી કરતો હતો. તે બાબતે ગામના જ વ્યક્તિ સાથે તકરાર થતા યુવકને માર મારીને કુવામાં ફેંકી દેતાં યુવક ગંભીર રીતે ઘવાતા પરીવારજનો યુવકને બહાર કાઢીને તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮માં પાલનપુર સિવિલ ખાતે ખસેડાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર પાવઠી ખાતે રહેતા ગમાનસિંહ શંકરસિંહ ડાભી ઉં.૨૨ જેઓ સરકારી જમીનમાં વાવેતર કરતા હતા. જ્યારે આ બાબતે ગામના જ સિદ્ધરાજસિંહ બાદરસિંહે વાવેતર ન કરવાનું જણાવતાં સામેથી કોઈ જવાબ ન મળતાં હુમલો કર્યો હતો. જેને ચાર જ દિવસનો સમય થવા આવ્યો છે જ્યારે ફરીથી સિદ્ધરાજસિંહ, વનરાજસિંહ, બાદરસિંહ ડાભી, ભૈરવસિંહ ડાભી તથા હરદેવસિંહ ડાભી આ ચારેય જણા ભેગા મળીને ગમાનસિંહને મુઢ માર મારીને કુવામાં નાખી દીધો હતો. આ બાબતની જાણ તેમના સગા વ્હાલાને થતા ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા યુવકને કુવામાંથી કાઢીને સારવાર અર્થે ૧૦૮માં પાલનપુર સિવિલ ખાતે ખસેડાયો હતો. જ્યારે દાનાપુરા પાટીયા પાસે ૧૦૮ વાનને પંક્ચર થતાં તાત્કાલિક વડગામ ૧૦૮ને જાણ કરતાં વડગામ-૧૦૮ તાત્કાલિક સ્થળ પર આવીને ઈજાગ્રસ્તને પાલનપુર સિવિલ ખાતે ખસેડાયો હતો. ઉપરોક્ત હુમલો કરનાર ચારેય આરોપીઓ સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસ આગળની કાર્યવાહી કરી રહેલ છે.

## કલોલ કંપા પ્રાથમિક શાળામાંથી એલસીડીની ચોરી

હિંમતનગર, તા. ૧૯

ખેડબ્રહ્માના કલોલ કંપા પ્રાથમિક શાળામાંથી બે દિવસ અગાઉ કોઈ ઈસમો રૂ. ૧૭ હજારની કિંમતનું એલસીડી ટીવી ઉઠાવી ગયા હતા. જે મામલે ખેડબ્રહ્મા પોલીસે ફરિયાદ લઈ વધુ તપાસ હાથ ધરી છે. સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના કલોલ કંપા પ્રાથમિક શાળા આવેલી છે. જેને તસ્કરોએ નિશાન બનાવ્યું હતુ અને મોડી રાત્રે શાળાની ઓફિસના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને અંદર રહેલ એચ.સી.એલ. કંપનીનું ૧૪ ઈંચનું કિંમત રૂ. ૧૭,૦૦૦નું એલ.સી.ડી. સહિતનો પૂરો સેટ ચોરી કરી લઈ ગયા હતા. આ ચોરી અંગે ખેડબ્રહ્મા પોલીસમથકમાં ખેડબ્રહ્માની સાંઈનાથ સોસાયટીમાં રહેતા રંજનબેન નીનામાએ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe TILES WORLD ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex,
Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601